# રાયસણ અને સરગાસણની મહિલા સ્વાઈન ફ્લુમાં સપડાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુનો કહેર વધી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. શહેરમાં આજે સ્વાઈન ફ્લુના વધુ ૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા આ બે કેસ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૨૩૫૨ પહોંચી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બન્ને દર્દી મહિલા છે. મહિલા અને બાળદર્દીઓ સ્વાઈન ફ્લુમાં નોંધાતા તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા બે કેસમાં એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે એક દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોએ તંત્રની ચિંતા વધારી છે. જો કે આ સ્વાઈન ફ્લુમાં પણ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેરમાં આજે સમાવિષ્ટ રાયસણ ગામેથી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે બીજો કેસ સરગાસણ ગામેથી મળ્યો છે. સરગાસણમાં ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

છેલ્લા એક મહિનામાં સ્વાઈન ફ્લુના ૩૫ કેસ નોંધાયા છે જેમાં શહેરમાં ૨૩ અને ગ્રામ્યવિસ્તારમાં ૧૨ કેસ નોંધાયા છે. રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રએ કર્યો છે. આજે નોંધાયેલ બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.



આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ અને સીએનજીમાં વધારો થતાં ભાવ વધારો બેકાબુ બન્યો છે. સામાન્ય માણસોનુ જીવવુ મુશ્કેલ બનતુ જાય છે. કોંગ્રેસના આગેવાનોએ વધતી મોંઘવારી સામે દેખાવો યોજ્યો હતો. સામાન્ય વ્યક્તિઓને પડતી મુશ્કેલીઓ સામે કોંગ્રેસે આક્રમકતાથી રજૂઆત કરી હતી.

# પંચાયતની સામાન્ય સભા મિનિટોમાં જ સમેટાઈ

## પિન્કીબેનની નિમણુંક કારોબારી સમિતિમાં થતાં તેમણે કૃષિ ઉત્પાદન-સહકાર સમિતિમાંથી રાજીનામુ આપ્યુ : ભાજપના બે સભ્યો મેન્ડેટ વંચાતો હતો અને સભાખંડ છોડી ગયા હતા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં કારોબારી સમિતિના ચેરમેન અને કારોબારી સમિતિના સભ્યપદેથી દિનેશજી ઠાકોરે આપેલા રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

**કોંગ્રેસે માત્ર પ્રેક્ષકની ભૂમિકા ભજવી હતી અને બેઠકની કામગીરી પાંચ જ મિનિટમાં સંપન્ન થઈ જવા પામી હતી**

જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં કોંગ્રેસે માત્ર પ્રેક્ષકની ભૂમિકા ભજવી હતી અને બેઠકની કામગીરી પાંચ જ મિનિટમાં સંપન્ન થઈ જવા પામી હતી.

કોંગ્રેસના બોલકા સભ્યોએ આજે અકળ મૌન ધારણ કર્યુ હતું. દિનેશજી ઠાકોરે કારોબારી સમિતિના સભ્યપદેથી આપેલા રાજીનામાને પગલે ખાલી પડેલી બેઠક પર પિન્કીબેન પલ્કેશભાઈ ચૌધરીની વરણી કરવાનો મેન્ડટ આવ્યો હતો જેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતમાં પિન્કીબેનની કારોબારી સમિતિમાં નિમણુંક થતાં તેમણે ખેતીવાડી ઉત્પાદન સમિતિના સભ્ય તરીકે રાજીનામુ આપ્યુ છે. તેમની કારોબારી સમિતિમાં થયેલ નિમણુંકને પગલે આ રાજીનામુ આપતાં હવે પછી મળનારી બેઠકમાં ખેતીવાડી સમિતિમાં નવી નિમણુંકનો મુદ્દો હાથ ધરવામાં આવશે.

આજની બેઠક બાદ પણ કોંગ્રેસના સભ્યોએ અકળ મૌન રાખ્યુ હોઈ રાજકીય વર્તુળોમાં તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે.

જો કે મેન્ડટના વાંચન દરમ્યાન દિનેશજી ઠાકોર અને અનિલ પટેલ સભાગૃહ છોડી ગયા હતા તેને લઈ કલોલના સભ્યોનો વિરોધ હોવાની વાતો વહેતી થઈ હતી.

ગઈકાલે ચૂંટાયેલી પાંખમાંથી ૪ સભ્યોના નામ સંગઠ્ઠનને મોકલવામાં આવ્યા હતા અને તેમાંથી એક નામની પસંદગી સાથેનું કવર આજે મેન્ડેટ સ્વરૂપે સભામાં આવ્યુ હતુ. આજે મળેલ આ સામાન્ય સભામાં ચૂંટાયેલા ૪ સભ્યો અને બે કો. ઓપ્ટ સભ્યો ગેરહાજર રહ્યા હતા.

# સભા મિનિટોમાં પૂર્ણ થઈ પણ મિનિટોમાં જ વિરોધ દર્શાવવા સહિ ઝુંબેશ શરૂ થઈ

## ભાજપની સબ સલામતની વાતોમાં જિલ્લામાં ત્રીજીવાર અસંતોષની આગ બહાર આવી છે : જિલ્લા ભાજપની નેતાગીરી દૂરથી નજર માંડીને બેઠી છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન અને સભ્યપદેથી દિનેશજી ઠાકોરે આપેલા રાજીનામાના સ્વીકાર બાદ પંચાયતના ચૂંટાયેલા સભ્યોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે એટલુ જ નહિ આ સંદર્ભે સહિ ઝુંબેશનો પણ આરંભ થયો છે. આ સહિ ઝુંબેશમાં ૧૨થી વધુ સભ્યો જોડાયાની વાતો જાણવા મળી છે.

ઠાકોર સમાજને અન્યાય થયાની લાગણી તીવ્ર બની છે એટલુ જ નહિ કલોલ નહિ તો ગાંધીનગર કે માણસા યા દહેગામમાંથી ઠાકોર સમાજને પ્રતિનિધિત્વ આપવુ જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

આ સમિતિમાં સભ્યપદ મેળવવા ૩ થી વધુ ઠાકોર સમાજના સભ્યોએ તેમના દાવા રજુ કર્યા હતા. પક્ષના નેતા ભરતસિંહ ઠાકોર સૌથી મજબુત દાવેદાર ગણાતા હતા પરંતુ તેમની પસંદગી કરવામાં આવી નથી. હવે ચેરમેન પદ માટે જે સિલસિલો જોવા મળ્યો છે તે મુજબ જે નવા સભ્યની નિમણુંક થાય તેજ સમિતિનું ચેરમેન પદ સંભાળે છે. શિક્ષણ સમિતિમાં આવુ થયુ હતુ.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા સંપન્ન થયાની મિનિટોમાં જ પક્ષના સભ્યોની સહિ ઝુંબેશનો પ્રારંભ થયો હતો.

જો કે બેઠકમાં જ ઠાકોર સમાજને અન્યાય થયાનો ખ્યાલ આવતાં દિનેશજી ઠાકોર તો તત્કાલ બેઠક છોડી ગયા હતા. જિલ્લામાં ઠાકોર સમાજને થયેલા અન્યાયના પડઘા વિધાનસભાની ચૂંટણીમાં ના પડે તે માટે ભાજપ હવે કઈ વ્યુહરચના અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

આજની બેઠકમાં બધુ ઝડપથી આટોપાઈ જાય તેવી ભાજપની ગણતરી સાચી જરૂર પડી છે પરંતુ જે રીતે પક્ષમાં અસંતોષની લાગણી ઉભી થઈ છે તેનાથી ચૂંટાયેલી પાંખની તિરાડો વધુ પહોળી થઈ છે અને આગામી દિવસોમાં ભાજપ માટે અગ્નિપરીક્ષાના રહેશે.

રાજકીયવર્તુળોમાં જે રીતે ચર્ચા ચાલે છે તે મુજબ દહેગામ નગરપાલિકા, કલોલ અને હવે જિલ્લા પંચાયતમાં જે રીતે અસંતોષ બહાર આવ્યો છે તેનાથી પ્રદેશ નેતાગીરી પણ ચોંકી ઉઠી છે. જિલ્લાના આગેવાનો બધુ બરાબર છે તેવી જે વાતો કરી રહ્યા છે પરંતુ જે અસંતોષ બહાર આવી રહ્યો છે તે પક્ષ માટે નુકશાનકર્તા સાબિત થઈ શકે છે.

# શહેરમાં કોરોનાના નવા ૧૦ અને ગ્રામ્યમાં ૨ કેસ નોંધાયા

## ગ્રામ્ય વિસ્તારમાં માણસામાં બે કેસ નોંધાયા : ૧૬ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ થયા : શહેરમાં સે. ૧, સરગાસણમાં 3-3 કેસ, સે. ૨, ૭, ૮ અને રાંદેસણમાંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિ તંત્ર માટે ચિંતાનો મુદ્દો બની છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૧૦ કેસ અને ગ્રામ્યમાં નવા ૨ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશનને નાથવા માટેના તંત્રના પ્રયાસોને હજુ ધારી સફળતા મળી નથી. જિલ્લામીં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુછે. શહેર-જિલ્લામાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સતત સુધરી રહ્યો છે. શહેર-જિલ્લામાં આજે ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં નવ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં એકટીવ કેસોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાતા તંત્રએ રાહતની લાગણી અનુભવી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ માણસા તાલુકામાં નોંધાયા છે.

માણસા અર્બનમાંથી એક કેસ અને માણેકપુર ગામેથી એક કેસ નોંધાયો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં પાંચ મહિલા દર્દી અને ૪ દર્દી ૬૦થી વધુ વય ધરાવતા નોંધાયા છે.

શહેરમાં મહિલા દર્દી અને ૬૦થી વધુ વય ધરાવતા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સે. ૧ અને સરગાસણમાંથી ૩-૩ કેસ મળવા ઉપરાંત સે. ૨, ૭, ૮, રાંદેસણમાંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા તમામ કેસ લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જાણવા મળેલ છે. શહેરમાં કેસોની સંખ્યા વધી છે પરંતુ કોરોનાના હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ લોકો સ્વીકારી રહ્યા છે. તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચના આપી છે.

# મનપા દ્વારા રૂ. ૩૭ કરોડના માળખાકીય સુવિધાના કામો શરૂ કરવા મંજૂરી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૌતિક આંતર માળખાકીય સુવિધાના ૪ કામ તેમજ સામાજિક આંતર માળખાકીય સુવિધાના બે કામો હાથ ધરવામાં આવશે. રૂ. ૩૭ કરોડના ખર્ચે આ વિકાસ કામો હાથ ધરવામાં આવશે. ગુજરાત મ્યુનિ. ફાયનાન્સ બોર્ડે આ કામોને મંજૂરીની મહોર લગાવી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા, કોલવડા, ખોરજ, પોર તથા ટી.પી. ૯ ખાતે કોમ્યુનિટી હોલ બનાવવા માટે રૂ. ૮ કરોડ, પેથાપુર, રાંધેજા, સરગાસણ, પોર, અંબાપુર, રાયસણ, રાંદેસણ અને કુડાસણ ખાતેના સ્મશાનગૃહો તથા કબ્રસ્તાનના નવિનીકરણ માટે રૂ. ૯ કરોડ, વિવિધ સેક્ટરોની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે રૂ. ૨ કરોડ ઉપરાંત સુઘડ ખાતે કુતરાઓના ખસીકરણ માટે એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટર અને કેટલ કમ્પાઉન્ડ બનાવવા માટે રૂ. ૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આમ રૂ. ૨૪ કરોડના ખર્ચે ભૌતિક આંતર માળખાકીય કામો હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત પેથાપુર ખાતેના હયાત અર્બન હેલ્થ સેન્ટરને ડિમોલીશ કરી નવીન બનાવવા તેમજ સુઘડના હયાત અર્બન હેલ્થ સેન્ટરના એક્ષ્ટેનશન તથા નવીનીકરણ, વાવોલ અને કુડાસણ ખાતે નવીન અર્બન હેલ્થ સેન્ટર બનાવવા માટે રૂ. ૮ કરોડ તેમજ વોર્ડ નં. ૧૦ અથવા ૧૧ ખાતે મટીરીયલ રિકવરી ફેસીલીટી સેન્ટર બનાવવા માટે રૂ. પાંચ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# કલ્ચરલ ફોરમ દ્વારા નવલા નોરતાના પર્વની ઉજવણીને શાનદાર બનાવવા તૈયારીઓ શરૂ

## આદ્યશકિતની ભકિતના પર્વના હેતે ઓવારણા લેવા સંસ્થાનુ નવતર આયોજન : બે વર્ષના અંતે આયોજન તરફ ખૈલેયાઓની મીટ : નવરાત પર્વને અનુલક્ષી આયોજકો તૈયારીમાં લાગ્યા : ગરબા પ્રેમીઓમાં ભારે ઉત્સુકતા

ગાંધીનગર તા ૨૫

કોરોના કાળના કપરા બે વર્ષમાં નવરાત પર્વની ઉજવણી થઈ શકી નથી જયારે આદ્યશકિતની ભકિતના આ પર્વને આડે હવે માંડ એક મહીનો જ બાકી છે. ત્યારે બે વર્ષના લાંબા સમયગાળા બાદ ખૈલેયાઓમાં ગરબે ઘુમવાનો અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત પર્વની ઉજવણીને વધુ ભવ્ય બનાવવા માટે ખૈલેયાઓ સજ્જ થઈ રહ્યા છે. ત્યારે ગરબા મહોત્સવના આયોજકો પણ માતાજીની ભકિતવંદના સાથે નવરાત્રિની ઉજવણીને યાદગાર તેમજ શાનદાર બનાવવા માટે તૈયારીમાં લાગી ગયા છે. નગરની જાણીતી કલા સંસ્થા કલ્ચરલ ફોરમ દ્વારા પણ આગામી નવરાત પર્વની ઉજવણીની તૈયારીમાં વ્યસ્ત છે. સંસ્થા દ્વારા સે-૧૧ ના મેદાનમાં નવરાત્રિની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. બે વર્ષના અંતે ગરબા રમવા માટે અત્યંત ઉત્સુક બનેલા ખૈલેયાઓને મોજ પડી જાય તે મુજબનુ નવતર આયોજન કરવા માટે કલ્ચરલ ફોરમે નવતર અભિગમ સાથે નવરાત પર્વની ઉજવણીનુ આયોજન કરવા ગતિવિધિઓ શરૂ કરી દીધી છે.

**નવલી નવરાત પર્વની ઉજવણી માટે ખૈલેયાઓમાં અનેરો ઉત્સાહ : કોરોનાના કપરા બે વર્ષ બાદ ગરબે ઘુમવા ખૈલેયાઓના પગ થિરકી રહ્યા છે : ખૈલેયાઓને મોજ પડી જાય તે મુજબ નવરાત પર્વની ઉજવણી શાનદાર અને યાદગાર બનાવવા માટે કલ્ચરલ ફોરમે તૈયારી શરૂ કરી : સે-૧૧ માં નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં આવશે**

ગાંધીનગરમાં નવલી નવરાતની ઉજવણીનો થનગનાટ જોવા મળી રહ્યો છે. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી નવરાત્રિ મહોત્સવની ઉજવણી થઈ શકી નથી અલબત્ત સેકટરોની શેરીઓમાં માત્ર આરતી કરીને જ ભાવિકોએ નવરાત પર્વની ઉજવણીનો સંતોષ માની લીધો હતો સેકટરોમાં પણ શેરી ગરબાની રમઝટ જામી ન હતી જયારે કોરોનાના કપરા બે વર્ષના અંતે આ વર્ષે નવરાત્રિ પર્વની ધમાકેદાર ઉજવણી કરવા માટે અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત પર્વના આડે પણ હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે શહેરમાં સંસ્થાકીય

● અનુસંધાન પાન-૭ પર

### નવરાતના પર્વના ઓવારણા લેવા ઉત્સુક

માતા અને માતૃભુમિ સ્વર્ગ કરતા પણ ઉચ્ચ ગણાય છે. સર્વ જગતની જનની એટલે માં અદ્યાશકિત આસો મહીનામાં શકિતની ભકિતના દિવ્ય પર્વ નવરાતની ઉજવણી માટે સૌ કોઈમાં અનેરો ઉત્સાહ હોય છે. કોરોનાના કપરા કાળ બાદ



સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી પ્રથમવાર થશે. જેના લીધે ગરબાપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગરબાના વર્ગોમાં પણ વિવિધ સ્ટેપ્સ શીખવા માટે ગરબારસિકોની ભીડ જોવા મળે છે. સૌ ખૈલેયાઓ નવરાતના પર્વના ઓવારણા લેવા ઉત્સુક છે. મેદાનમાં ગરબાની રમઝટ જમાવવા માટે અધીરા બન્યા છે. બે વર્ષના અંતે હવે ગરબાનુ ભવ્ય આયોજન થવાનુ છે ત્યારે સમયમર્યાદા પણ વધારી દેવામાં આવે તો સોને પે સુહાગા જેવો ઘાટ થાય .. તો મેઘરાજાનો મિજાજ પણ ઉગ્ર છે. ત્યારે નવરાત પર્વમાં મેઘરાજા પણ ખૈલેયાઓ માટે ખમૈયા કરે તેવી માંઈ ભકતો પ્રાર્થના કરી રહ્યા છે.

**નૈસર્ગી જોષી, પનઘટ કલા કેન્દ્ર**

### ખૈલેયાઓ ગરબે ઘુમવા થનગની રહ્યા છે



કોરોના કાળમાં બે વર્ષના અંતે નવરાત મહોત્સવનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે સ્વાભાવિક જ ખૈલેયાઓનો ઉત્સાહ વિશેષ હોય ..ખૈલેયા છેલ્લા ત્રણ મહીનાથી ગરબાના અવનવા સ્ટેપ્સ શીખવા માટે ગરબાના વર્ગોમાં તાલીમ મેળવી રહ્યા છે. આવા સંજોગોમાં ખાસ કરીને કોરોના કાળમાં આરોગ્યના મામલે જાગૃતિ કેળવાઈ છે ત્યારે ઉંમરલાયક નાગરિકો પણ ગરબે ઘુમી તંદુરસ્ત રહેવા માટે સજ્જ બન્યા છે. આ વર્ષે સંસ્થાકીય ગરબા મહોત્સવનુ આયોજન ભવ્યાતિભવ્ય થાય તેવી આશા સાથે ખૈલેયાઓ ગરબે ઘુમવા થનગની રહ્યા છે.

**નિરવ લોથ, રીધમ ગરબા કલાસીસ**

### નવરાત પર્વ સૌ માટે વિશેષ બની રહેશે

શકિતની ભકિતની આરાધનાનો ઉત્સવ એટલે નવરાત... નવરાતની ઉજવણી છેલ્લા બે વર્ષથી થઈ નથી કોરોના કાળમાં નવરાતનુ પર્વ ફિક્કુ પડી ગયુ હતુ. બે વર્ષના અંતે હવે નવરાત્રિની શાનદાર ઉજવણી કરવા માટે બાળકો થી માંડીને યુવા ખૈલેયાઓમાં પણ અનોખો થનગનાટ જોવા મળી રહ્યો છે. સંગીત , નૃત્ય અને ભકિતરસના



અનોખા સમન્વય વચ્ચે સતત નવ દિવસ શહેરમાં અનોખી આદ્યાત્મિક ચેતના પ્રગટે છે. ત્યારે સૌ ખૈલેયાઓના પગ પણ આદ્યશકિતની ભકતિના અવસરમાં ગરબે ઘુમવા થિરકી રહ્યા છે. નવરાત પર્વમાં આઠમના પવિત્ર દિવસની મહાઆરતી પણ ભાવિકોમાં આસ્થાનુ વિશેષ કેન્દ્ર સ્થાન છે. જયારે હવે નવરાત પર્વને આડે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવની ભવ્ય ઉજવણી માટે આયોજન શરૂ કરી દેવાયુ છે. ત્યારે અગાઉના બે વર્ષની ખોટ પણ પુરી થઈ જાય તે મુજબ દિવ્ય અને ભવ્ય નવરાત મહોત્સવની ઉજવણી માટે પલે પલેની રાહ જોવાય છે. આ વર્ષનો નવરાત પર્વ સૌ માટે વિશેષ યાદગાર બની રહેશે

**પ્રજ્ઞા ગજ્જર, પુજન ડાન્સ કલાસીસ**

## ખેડબ્રહ્મા અંબાજી માતાનો ભાદરવી પુનમનો મેળો

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે ગામ : ખેડબ્રહ્મા, તાલુકો : ખેડબ્રહ્મા, જીલ્લો : સાબરકાંઠા મુકામે ચાલુ વર્ષે ભાદરવી પુનમનો મેળો તા. ૫/૯/૨૦૨૨ થી તા. ૧૦/૯/૨૦૨૨ સુધી દિન-૬ (છ) માટે યોજાનાર છે. આ મેળામાં શ્રીફળ, ચુંદડી, પ્રસાદ, ચા-નાસ્તો, ખાણી-પીણી, પુસ્તકો, મનોરંજન આઈટમો વિગેરેના લારી-ગલ્લા, સ્ટોલ મુકવા સદરહુ માતાજી ગામતળ તરીકે ઓળખાતી જમીનમાં ચાલુ વર્ષે પ્લોટો પાડી જાહેર હરાજીથી ફાળવવાના થાય છે. જેમાં માતાજી ગામતળની જમીનમાં દિન-૬ (છ) માટે પ્લોટો જાહેર હરાજીથી ભાડે આપવા માટે ટાવર પાસે, માતાજી ગામતળ, અંબિકા માતાજી મંદિર, ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા મુકામે તા. ૨૯/૮/૨૦૨૨ (સોમવાર)ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે જાહેર હરાજી રાખવામાં આવેલ છે. સબબ હરાજીમાં રસ ધરાવનાર ઈસમોને હરાજીમાં હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં હાજર રહેનાર ઈસમોએ ફરજીતાયત પણે હરાજી સ્થળ ઉપર કોવિડ-૧૯ રસીકરણ પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઈઝ ફોટા (બે), આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડ રજૂ કરવાના રહેશે. અન્યથા હરાજીમાં ભાગ લઈ શકાશે નહિ.

સ્થળ : ખેડબ્રહ્મા
તા. ૨૪/૮/૨૦૨૨

સહી/-
મામલતદાર,
ખેડબ્રહ્મા

## કોબામાં ફ્લેટ વેચાણ આપવાના છે

બ્લોક નં. બી,
ફ્લેટ નં. ૩૦૪, ૩૦૫, ૨૦૫
મહાવીર દર્શન, આર્યન બંગ્લોઝ પાસે, જૈન દેરાસર રોડ, કોબા, તા.જી. ગાંધીનગર
શૈલેષભાઈ દોશી
મો. ૯૮૨૪૦ ૬૬૮૩૪

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com